# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબાંરી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સાથે નોંધાયેલ માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-10 મે-2021 ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ 05/03/2021 હતી જે તા. 15/03/2021 સુધી લંબાવવામાં આવે છે. તા. 06/03/2021 થી તા. 15/03/2021 સુધી ઓનલાઇન આવેદનપત્રો ભરી શકાશે. તે માટે અલગથી લેઇટ ફી લાગશે નહી (લેઇટ ફી શૂન્ય (0) રહેશે).

ધોરણ-10 ના આવેદનપત્રો ઓનલાઇન ભરવાની અંતિમ તારીખ 15/03/2021 રહેશે (રાત્રીના 12 કલાક સુધી). અંતિમ તારીખ 15/03/2021 સુધી કોઇપણ સમયે ધો-10 ના કોઇપણ વિદ્યાર્થીની માહિતીમાં શાળાકક્ષાએથી જ સુધારા કરી શકાશે. તે માટે અલગથી કોઇ ફી આપવાની રહેશે નહી.

વિદ્યાર્થીનું Principal Approval બાકી હોય તો તે પણ તારીખ 15/03/2021 ના (રાત્રીના 12 કલાક) સુધી કરી શકાશે.

જો કોઇ શાળાએ Final Approval કરેલ હોય અને આવેદનપત્રો ભરવાનાં કે સુધારા કરવાના બાકી હોય તો Final Approval નું ટીકમાર્ક કાઢીને Submit કરવાથી આવેદનપત્ર ભરી શકાશે.

બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ સાથે ફી ભરવા સંબંધિત સ્પષ્ટ સૂચનાઓ મૂકવામાં આવેલ છે જે ધ્યાને લેવી.

નોંધ:- વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિયમિત પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવેલ છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા:- 05/03/2021
સ્થળ - ગાંધીનગર